ચિલોડા ખાતે હોળી ધુળેટી પર્વની અનોખી ઉજવણી કરાઈ

ગાંધીનગર તાલુકાના ચિલોડા ગામે હોળી-ધુળેટી પર્વ નિમિત્તે ખેલૈયાઓએ ઉલ્લાસભેર ઉજવણી કરી હતી. આ પ્રસંગે દર વર્ષે ઉજવાતા ગામના ચોકમાં માતાજીનો ખેલ કાઢવાની પરંપરા મુજબ ક્ષત્રિય સમાજના યુવકો દ્વારા ભવ્ય ખેલનું આયોજન કરાયું હતું. ધાર્મિક પરંપરા પ્રમાણે ગામના યુવકો વિવિધ વેશભુષા ધારણ કરી રામાયણ-મહાભારતમાં રામ-રાવણ યુદ્ધ, હનુમાનજી, રામ-સીતા તેમજ રામાપીર સહિતના પાત્રોની ભુમિકા ભજવે છે. મોટી સંખ્યામાં આ ખએલ જોવા ગામજનો જોવા ઉમટી પડ્યા હતા. જ્યારે ચિલોડા ચોકમાં ખેલૈયાનો ખેલ વાજતે-ગાજતે નીકળતાં પર્વની અનોખી ઉજવણી કરી હતી.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

માર્ગ અને મકાન વિભાગ તથા ગુજરાત રોડ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર કંપની લિમિટેડ દ્વારા રૂપિયા ૪૩ કરોડ ૫૮ લાખના ખર્ચે અમદાવાદ મહેસાણા હાઈવે પર કલોલ અને છત્રાલ પાસે ઓવરબ્રિજનું નિર્માણ કરવામાં આવ્યું છે. આજરોજ ઓવરબ્રિજનો લોકાર્પણ સમારંભ જિલ્લા -ભારી મંત્રી અને આરોગ્ય મંત્રી શ્રી નિતીનભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયો હતો. કલોલ અને છત્રાલ નજીકના બન્ને ઓવરબ્રિજ મંત્રીશ્રીના હસ્તે ખુલ્લા મુકાયા હતા. મંત્રીશ્રીએ પગપાળા બન્ને ઓવરબ્રિજના બાંધકામની ચકાસણી કરી હતી. આજરોજ યોજાયેલ ઓવરબ્રિજના લોકાર્પણ સમારંભમાં ગાંધીનગર જિલ્લા ભાજપના -મુખ શ્રી નૈલેશભાઈ શાહ, કલોલ નગરપાલિકા -મુખ શ્રી મહેન્દ્રભાઈ બાવરિયા, કલોલ -ંત અધિકારી શ્રી વી.જી.કાલરિયા, કલોલ મામલતદાર, કલોલ તાલુકા વિકાસ અધિકારી સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.

ધૂળેટીએ ભાંગ પી જતા નિફ્ટની પાંચ વિદ્યાર્થિનીઓ સિવિલમાં દાખલ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરના પાદરે આવેલી નિફ્ટ સંસ્થાની પાંચેક વિદ્યાર્થિનીઓ ધૂળેટીના પર્વે ભાંગ પી લેતા ઘુમરે ચઢી હતી અને બાદમાં અર્ધ બેભાન હાલતમાં ૧૦૮ની મદદથી ગાંધીનગર સિવિલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી હતી.

હિન્દુ પરંપરા મુજબ ભારતીય સમાજ જીવનની અંદર ઉત્સવોનું મહત્વ અનોખુ છે. ઉત્સવોની સાથે અનેક રીતી રીવાજ-ખાણી-પીણી અને ગીત સંગીતનું પણ એટલુ જ મહત્વ છે. હિન્દુ ઉત્સવોમાં મહા શિવરાત્રિ અને ધૂળેટી પર્વે પારંપારિક ભાંગનો પ્રસાદનું પણ ચલણ છે ત્યારે કેટલાક લોકો ખાસ કરીને યુવાનો વર્તમાન સમયમાં ભાંગનો પ્રસાદરૂપે નહી પણ નશા અને મોજમસ્તી માટે કરે છે. આવો જ એક કિસ્સો ગાંધીનગરના ઘ-૦ નજીક આવેલી નિફ્ટ સંસ્થામાં બન્યો હતો. આ સંસ્થાની કેટલીક વિદ્યાર્થિનીઓએ ધૂળેટીના પર્વે સવારે જ રંગોની મોજ મસ્તી સાથે ભાંગના પ્યાલા ગટગટાવી લેતા તમામ ભારે મસ્તીએ ચઢી હતી. બાદમા તમામને દિમાગ પર વધુ નશો થઈ જતા અર્ધબેભાન હાલતમાં ગાંધીનગર સિવિલમાં ખસેડવામાં આવી હતી જ્યાં ડૉક્ટરોએ સારવાર આપ્યા બાદ રજા આપી હતી.

યુવા સહકારી કાર્યકર પરેશ પટેલનું જાહેર સન્માન કરાયું

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લાની સહકારી સંસ્થાઓ અને સહકાર ક્ષેત્રે અગ્રણીઓ દ્વારા તાજેતરમાં કૃભકોના ડીરેક્ટરપદે સતત બીજીવાર ચુંટાઈ આવેલા યુવા આગેવાન પરેશ પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું. પરેશ પટેલને કોઈ પણ રાજકીય પક્ષાપક્ષી વગર યુવા વયે સહકાર શબ્દને સાર્થક કરતી પ્રવૃત્તિને વેગ આપવા સતત પ્રમાણિકતાપૂર્વક પ્રયત્નશીલ રહેવા બદલ સન્માનવામાં આવ્યા હતા.

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે ઓમ લેન્ડમાર્ક સ્કૂલમાં યોજાયેલ આ સન્માન સમારંભમાં આયોજન પંચના ઉપાધ્યક્ષ અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી નરહરીભાઈ અમીન, ગુજરાત સ્ટેટ કો-ઓપ બેંક અને એડીસીબેંકના ચેરમેન અજયભાઈ પટેલ, બારડોલી સ્વરાજ આશ્રમ અને સુરત જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ ભીખુભાઈ પટેલ, ગાંધીનગર જિલ્લા ખરીદ વેચાણ સંઘના ચેરમેન લાલભાઈ પટેલ, મહીસાગર મંડળીના વાઈસ ચેરમેન અને ભાજપ પ્રમુખ સુરેશભાઈ પટેલ, નાંદોલ સેવા સહકારી મંડળઈના ચેરમેન વિનોદચંદ્ર પટેલ વગેરે પ્રસંગોચિત વ્યક્તવ્ય રજુ કર્યા હતા અનેપરેશ પટેલની કામગીરી અને કાર્યશૈલીને બિરદાવી હતી.

આ પ્રસંગે અમદાવાદ એપીએમસીના ચેમરેનપદે વરાયેલા કેતનભાઈ પટેલનું પણ સન્માન કરાયું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ગુજકો માસોલના ડીરેક્ટર અને ગાંધીનગર એપીએમસીના ચેરમેન રસિકભાઈ પટેલ, એડીસી બેંકના ડીરેક્ટર ચંદનસિંહ ચાવડા અને અમરસિંહ ચૌહાણ, ગાંધીનગર તાલુકા ખરીદવેચાણ સંઘના ચેરમેન સુરેશભાઈ પટેલ, અર્બન કો-ઓપ બેંક ફેડરેશનના ડીરેક્ટર મનુભાઈ પટેલ, જિલ્લા દૂધ ઉત્પાદક સંઘના ચેમરેન ડૉ. શંકરસિંહ રાણા, નાગરિક બેંકના ચેરમેન એલ.કે. વાઘેલા, દૂધ વાપરાનાઓની મંડળીના ચેરમેન દિલીપસિંહ ચૌહાણ, અર્બન કો-ઓપ. બેંકના ચેરમેન ડાહ્યાભાઈ પટેલ, જિલ્લા સહકારી સંઘના ચેરમેન કોદરભાઈ પટેલ, માનદ મંત્રી નવીનભાઈ પટેલ અને ઓમ લેન્ડમાર્ક સ્કૂલના સ્થાપક ગીરીશભાઈ રાવલ ઉપસ્થિત રહ્યા હતા.

કલોલની સિરામીક ફેક્ટરીમાં પોપડુ ધસી પડતા બે મજૂરના મોત

ગાંધીનગર, તા. ૭

કલોલ તાલુકાની જલારામ સિરામિક ફેક્ટરીમાં માટીના તોતિંગ પોપડા પડવાથી બે મજૂરોના મોત નિપજ્યા છે. સિરામિકની કંપનીમાં ધૂળેટીના રાત્રે ધર્મેન્દ્ર નાથુલાલ શ્રીવાસ્તવ તેમજ જિતેન્દ્ર શંકરલાલ શ્રીવાસ્તવ બંધ મશીનની સફાઈ કરતા હતા. આ દરમિયાન મશીનની ઉપરના ભાગેથી પાવડરના જામીન ગયેલા ગઠ્ઠાનો મોટો પોપડો પડતા બે મજૂરોને ગંભીર ઈજા થઈ હતી. જેના લીધે આ બન્નેનું કરૂણ મોત નિપજ્યું હતું. મધ્યપ્રદેશના આ બન્ને મજૂરોનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું. સાંતેજ પોલીસ સ્ટેશનના જમાદાર હરીશચંદ્રએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વન્ડરફુલ વુમન ગ્રાન્ડ ફિનાલેનો શુભારંભ

કરણરાજ વાઘેલા, પી.સી. વાલેરા, ડીસ્ટ્રીક ગર્વનર રાકેશ પટેલ સહિતની ઉપસ્થિતિમાં શુભારંભ કરાયો

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર લાયોનેસ ક્લબ અને સુરક્ષા સોસાયટી દ્વારા યોજાયેલ વન્ડરફુલ વુમન સ્પર્ધાની ગ્રાન્ડ ફિનાલેનો શુભારંભ ટાઉનહોલમાં કરવામાં આવ્યો હતો.

ગાંધીનગર શહેરની સંસ્થાઓની મહિલાઓ તેમજ ગૃહિણીઓ માટે વન્ડરફુલ વુમન સ્પર્ધાનું લાયોનસ ક્લબ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાની ગ્રાન્ડ ફિનાલેનો શુભારંભ ટાઉનહોલમાં પી.આઈ. પી.સી. વાલેરા, ડીસ્ટ્રીક્ટ ગર્વનર, રાકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. ગ્રાન્ડ ફિનાલેના શુભારંભ પ્રસંગે પોલીસે મહિલા સુરક્ષા જાગૃત અભિયાન હેઠળ મહિલા હેલ્પલાઈન વિઝીટીંગ કાર્ડનું લોન્ચિંગ કર્યું હતું.

ગાંધીનગરની વન્ડરફુલ વુમનની ગ્રાન્ડ ફિનાલેમાં ૩૦ થી ૪૫ વયજૂથ અને ૪૫ થી ૬૫ વર્ષ વયજૂથની સાત-સાત મહિલાઓ વચ્ચે ખરાખરીનો જંગ ખેલાયો હતો. આજે ટાઉનહોલમાં અલગ અલગ ચાર રાઉન્ડ યોજાયા હતા. જેમાં વ્યક્તિ અભિવ્યક્તિ રાઉન્ડ, પ્રશ્નોત્તરી રાઉન્ડ સહિતના રાઉન્ડ યોજાયા હતા.

ગ્રાન્ડ ફિનાલેમાં પૂજન ડાન્સના ભૂલકાઓએ ડાન્સ કરીને ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. તેમજ બંદે હે હમ ઉસકે... ગીત રજૂ કર્યું હતું. ડ્રીમ ફીગર જીમની યુવતિઓએ જીવનમાં શરીરની તંદુરસ્તી પર જુમ્બા રજૂ કર્યો હતો અને માર્શલ આર્ટ પ્રદર્શન કર્યુ હતુ.

આર્ટ લવર્સ આયોજીત રંગોત્સવમાં ગીત-સંગીત અને હાસ્યની છોળો ઉડી

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરના કલારસિકોની સંસ્થા આર્ટ લવર્સ દ્વારા પ્રતિ વર્ષની જેમ હોલી પર્વ નિમિત્તે રંગોત્સવ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. દ્વિદિવસીય આ કાર્યક્રમમાં ગીત-સંગીત અને હાસ્ય દરબારના આયોજન ઉપરાંત નવા વર્ષના હોદ્દેદારોની નિયુક્તિ કરી આગામી વર્ષથી સભ્યોને એસ.એમ.એસ. સાથે સ્માર્ટ કાર્ડની સુવિધા પુરી પાડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ગાંધીનગરના કલાક્ષેત્રે એક દાયકા કરતાં વધુ સમયથી સેવારત સંસ્થા આર્ટ લવર્સ દ્વારા હોળી પર્વ નિમિત્તે રાયસણના એક ફાર્મમાં રંગોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બે દિવસ દરમ્યાન સભ્યો અને આમંત્રિતોએ અંકિત ત્રિવેદી અને સાથી કલાકારો દિવ્યાંગ અંજારીયા, પ્રહર વોરા, આનલ વસાવડા, પરાગી અમર દ્વારા પ્રસ્તુત ગીત, સંગીત તથા જાણીતા હાસ્યકારો મહેશ શાસ્ત્રી, જીતુભાઈ દ્વારકાવાળા અને નીરવ મહેતાના હાસ્ય દરબારની મોજ માણી હતી. સંસ્થાના પ્રમુખ ઋષિકેશ ભટ્ટ, મંત્રી મહેન્દ્ર પ્રજાપતિ સહિત હોદ્દેદારો, સભ્યોએ આયોજનની સફળતા માટે જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે નવા વર્ષના હોદ્દેદારોની સર્વાનુમતે કરાયેલ નિયુક્તિમાં પ્રમુખપદે પુનઃ ઋષિકેશ ભટ્ટ, મંત્રી તરીકે રાજન શાહ, ખજાનચી નીલય દેસાઈ, જોઈન્ટ સેક્રેટરી તરીકે શાંતિલાલ ઘોઘારી અને નીરવ દવેની પસંદગી થઈ છે.

ઉલ્લેખનીય છે કે સંસ્થા દ્વારા આગામી વર્ષથી સભ્યોને કાર્યક્રમ સહિતની વિગતો માટેની જાણકારી એસ.એમ.એસ.ના માધ્યમથી પહોંચાડવા ઉપરાંત આધુનિક ટેકનોલોજી અપનાવીને મેમ્બરશીપ માટેના સ્માર્ટ કાર્ડની સુવિધા શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. જેને કારણે કુરિયર પ્રથાની અનિવાર્યતા તેમજ કાર્યક્રમોના આમંત્રણ કાર્ડ ન મળવાની સંભવિત સમસ્યાનો પણ અંત આવી જશે એમ ઋષિકેશ ભટ્ટે વધુમાં જણાવ્યું હતું.

પાવાગઢના રોપ-વેમાં આગનો 'ફેક' વિડીયો વાઈરલ થયો

ગાંધીનગર, તા.૭

આજકાલ સોશ્યલ મિડીયા પર સૌથી વધુ એકટીવ રહેવાનો ક્રેઝ એટલી હદ વટાવી ગયો છે કે લોકો સારા-નરસાં અને સાચા-ખોટાંના ભાન વગર જે આવે તે શેર કરવામાં અને ફોરવર્ડ કરવામાં અનેક છબરડાં સર્જી નાંખે છે. લોકોની આ ઘેલછાનો લાભ ઉઠાવી અનેક કંપનીઓ પોતાના હરિફને પછાડવા, રાજકીય નેતાઓ વિરોધીઓને મુશ્કેલીમાં મુકવા અને બદદાનત ધરાવતા ઈસમો કોઈને બદનામ કરવા આ મિડીયાનો આસાનીથી ઉપયોગ કરે છે.

આ રીતે જ વોટસએપ સહિતના તમામ સોશ્યલ મિડીયા પર આજે પાવાગઢના રોપ-વેમાં આગ લાગવાનો અને ત્રણ શ્રધ્ધાળુઓના મોત થયાનો એક 'ફેક' વિડીયો વાઈરલ થયો હતો. ઈઝરાયેલમાં કોઈ સ્થળે રોપ-વેમાં લાગેલી આગનો જુનો વિડીયો પાવાગઢના નામે ફરતો થતા અનેક લોકો ચિંતામાં મુકાઈ ગયા હતા અને ઘણા લોકોએ 'અપડેટ' રહેવાની લ્હાયમાં વિચાર્યા વગર ફોરવર્ડ કરે રાખ્યો હતો. જો કે આ બાદ તુરંત જ આ વિડીયો ફેક હોવાનો અને રોપવે કંપનીએ આ બાબતે પોલિસ ફરિયાદ કરી હોવાનો ખુલાસો ફરતો થતા તંત્રએ રાહત અનુભવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે પીઢ અભિનેતા દિલીપકુમારથી માંડીને ગુજરાતી ફિલમોના સુપરસ્ટાર નરેશ કનોડીયા સુધીની સેલીબ્રીટીઓના મોતના 'ફેક' સમાચાર આ રીતે પહેલા સનસનાટી ફેલાવી ચુકયા છે ત્યારે હવે લોકોએ આ પ્રકારના મેસેજ ફોરવર્ડ કરતા પહેરા વિવેકબુદ્ધિનો ઉપયોગ કરવો જરુરી બનતો જાય છે.

સેકટર-૩-ન્યુ વસાહત મંડળ દ્વારા ગુડાના ચેરમેન આશિષભાઈ દવેનું ફુલહાર પહેરાવી સ્વાગત કર્યું હતું. ચેરમેનના શાસનકાળ દરમિયાન ગુડા વિસ્તાર હરણફાળ વિકાસ કરે તેવી આશા વ્યકત કરી હતી.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૭
સૂર્યાસ્ત : ૬.૪૬

તાપમાન

મહત્તમ : ૩૩.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૫.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૫ ટકા ● સાંજે ૩૪ ટકા

મનોરંજન

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

ડર્ટી પોલિટીક્સ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૨ :

હે... બ્રો : ૧૧.૩૦, ૨.૦૦ ૪.૩૦, ૭.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૩ :

બદમાશીયાં : ૧૦.૦૦, ૩.૦૦, ૮.૦૦

વાવ : ૧૨.૩૦, ૫.૩૦, ૧૦.૩૦

સિટીપલ્સ

: સ્ક્રીન-૨ :

હે... બ્રો : ૧૦.૦૦

ડર્ટી પોલિટીક્સ : ૭.૦૦

: સ્ક્રીન-૩ :

હે... બ્રો : ૧૦.૦૦

ડર્ટી પોલિટીક્સ : ૧૦.૦૦

કિંગ્સમન : સિક્રેટ સર્વિસ (ઈંગ્લીશ) : ૭.૧૫

સ્ક્રીન-૪ :

અબ તક છપ્પર-૨ : ૫.૩૦, ૭.૪૫

દમ લગાકે હેઈસા : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૫ :

હે... બ્રો : ૧૨.૩૦, ૫.૩૦

બદમાશીયાં : ૧૦.૦૦, ૭.૩૦, ૧૦.૦૦

ડર્ટી પોલિટીક્સ : ૨.૪૫

આપની આજ

મેષ : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તનાવ રહેવાની સંભાવના છે.

વૃષભ : જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

મિથુન : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

કર્ક : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

સિંહ : ધર્મઆધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

કન્યા : કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું . ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

તુલા : સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે. કૌટુંબિક સમસ્યાઓ દૂર થશે.

વૃશ્ચિક : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે.

ધન : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

મકર : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

કુંભ : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

મીન : આર્થિક વિવાદોને ઉકેલવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિ થઈ શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

ચિરવિદાય

- સ્વ. પટેલ રણછોડભાઈ આત્મારામ (ઉ.વ.૬૫) મુ. પો. ધોળાકુવા, તા. માણસા, જી. ગાંધીનગર
- સ્વ. પ્રજાપતિ સુખાભાઈ સોમાભાઈ (ઉ.વ.૮૫) મુ. પેથાપુર, તા.જી. ગાંધીનગર
- સ્વ. દિનકરરાય ભવાની શંકર રાવલ (ઉ.વ.૮૩) પ્લોટ નં. ૭૨૭/૧, સે-૩૦, જાગૃતિપાર્ક, ગાંધીનગર
- સ્વ. સુથાર ધ્રુંવાડાકુમાર મુકેશભાઈ (ઉ.વ.૮૩) પ્લોટ નં. ૧૫૬/૧, કિસાનનગર, સે-૨૬, ગાંધીનગર

અવસાન નોંધ

● ગાંધીનગર સ્થિત રમણભાઈ, ચંદ્રકાન્તભાઈ, બિપિનભાઈ અને કિર્તીભાઈના માતૃશ્રી લલીતાબેન ભીખાભાઈ ઠક્કરનું દુઃખદ અવસાન થયું છે. સ્વર્ગસ્થનું બેસણું તેમના નિવાસસ્થાન પ્લોટ નં. ૬૪૬/૨, સેક્ટર-૪-સી ખાતે સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ દરમિયાન આજરોજ રવિવારે રાખેલ છે.

● ગાંધીનગર ધોળાકુવા સ્થિત કાન્તિભાઈ પ્રજાપતિના નાનાભાઈ વિનોદકુમાર પુરૂષોત્તમદાસ પ્રજાપતિનું તા. ૫-૩-૨૦૧૫ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું/લૌકિક ક્રિયા તા. ૯-૩-૨૦૧૫ને સોમવારના રોજ સવારે ૮-૦૦ થી બપોરે ૧૧.૦૦ વાગ્યા સુધી ગામ ધોળાકુવા (ગાંધીનગર) ખાતે રાખવામાં આવેલ છે.